# જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, જુનાગઢ સમક્ષ.

ફોરમ કેસ નં. ૧૯ /૨૦૧૭

ગોહિલ રામભાઈ કરશનભાઈ,

ઉ.વ.આ.—૫૫, ધંધો—ખેતી

ધર્મે—હિન્દુ, રહે. ગોહિલ ખાણ, તા. કોડીનાર

જી.ગીર સોમનાથ .......અરજદાર

## વિરુધ્ધ

૧) પી.જી.વી.સી.એલ.
સબ ડીવીઝન કોડીનાર—૧,
થ્રુ નાયબ ઈજનેરશ્રી,

૨) પી.જી.વી.સી.એલ.
ડીવીઝન ઓફીસ, ઉના
થ્રુ કાર્યપાલક ઈજનેર(સંચાલન)

૩) પી.જી.વી.સી.એલ.
સર્કલ ઓફીસ, અમરેલી
થ્રુ અધિક્ષક ઈજનેરશ્રી(સંચાલન) ........સામાવાળા

બાબત : — ગ્રાહક સુરક્ષા ધારા ૧૯૮૬ની કલમ ૧૨ મુજબ
ફરીયાદ અરજી.

**હાજર રહયા** : —

અરજદાર તરફે વિ.વકીલ શ્રી જે.ડી.રાવલ

સામાવાળા તરફે વિ.વકીલશ્રી જી.આર.કથીરીયા

<u>**ઠરાવ**</u>

૧. આ કામના અરજદાર/ફરીયાદી ગોહિલ રામભાઈ કરશનભાઈએ ગ્રાહક સુરક્ષા ધારો ૧૯૮૬ની કલમ–૧૨ હેઠળ કરેલ હાલની ફરીયાદ અરજી ની ટુંક હકીકત એવી છે કે અરજદાર ગીર સોમનાથ જીલ્લાના કોડીનાર તાલુકાના ગોહિલ ખાણ મુકામે રહે છે અને ખેતી કરે છે. અરજદારના પિતાશ્રીએ ગ્રામ પંચાયત ગોહિલની ખાણની ગૌચર જમીનમાં વર્ષો પહેલા સ.નં.૧૩૬–અ પૈકીની જમીમાં પોતાના ખર્ચે એક કુવો બનાવી તેમાથી પાઈપ લાઈન દવારા પોતાના ખેડ ખાતા નં. સ.નં. ૩૬૫ સહીત ની જમીનમાં મશીન વડે સિંચાઈ કરતા હતા. બાદ જમીનોના ભાગ પડતા હાલ ખાતા નં. ૪૦૮, સ.નં. ૩૬૪ પૈકી ૨, હે.૦–૫૬–૦૦ સ.નં. ૩૬૫, હે.આશરે ચો.મી. ૦–૫૮–૨૭ મળીને હે.આરે. ચો.મી.–૧–૧૪–૨૭ જમીન હાલના અરજદારના નામે ચડેલ છે. તે બાદ અરજદારે કાયદેસરની વિધી કરી સામાવાળા પાસેથી ખેતી સિંચાઈ માટે વીજ કનેકશન મળવા ચાર્જની રકમ રૂા.૨૦૦/– તા. ૧૨–૧૦–૨૦૦૨ થી પા.નં. ૩૪૧૩૮૫ થી ભરપાઈ કરી માંગણી કરેલ. તે બાદ અરજદારે ગ્રામ પંચાયતને એક અરજી આપી સ.નં.૧૩૬/અ પૈકી ૧ માંથી જે અરજદાર મશીન વડે કુવામાંથી પાણી સિંચાઈ માટે મેળવતા હતા તેના બદલે વીજ કનેકશન મેળવી પાણી મેળવવા મંજુરી આપવા માગણી કરેલ. સદરહુ માગણી સંબંધે ગ્રામ પંચાયતે તા.૧૨–૨–૧૪ ના ઠરાવથી વીજ કનેકશન આપવામાં આવે તો વાંધો હરકત નથી તેવો ઠરાવ કરેલ.તે બાદ અરજદારે સામાવાળા નં.૧ ને સ:.૩૬૫ માં માગેલ વીજ જોડાણ સ.નં.૧૩૬/અ પૈકીના કુવા માટે સ્થળ ફેર સમેત મંજુર કરવા અરજી આપેલ. જે સંબંધે કુવાની માલીકી

પ્રત્યક્ષ રીતે અરજદારની નહી હોવાથી તે જગ્યાએ તેઓના નામે વીજ જોડાણ મળી શકે નહી તેવો મનસ્વી હુકમ ફરમાવી દેતા હાલની ફરીયાદ અરજી દાખલ કરી સામાવાળા અરજદારનું અગાઉ મંજુર થયેલ વીજ જોડાણ તાત્કાલિક કાયદેસરની પ્રવિધી કરી જોડી આપે તેમ જ ોડાણ ન કરી આપે ત્યાં સુધી વીજ અધિનિયમની કલમ—૪૩(૩) ની જોગવાઈ પ્રમાણે પ્રતિ દીનના રુા.૧,૦૦૦/— વળતર ચુકવી આપે તેમ જ સદરહુ વીજજોડાણ અરજદાર નિયમસર આવતા બીલ ભરીએ ત્યાં સુધી કયારેય કપાત ન કરે તથા હાલની અરજી ખર્ચની રકમ રુા.૧૦,૦૦૦/— ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા અરજી મુજબ દાદ માગેલ છે.

૨. અરજદારની અરજી અનુસંધાને આ કામના સામાવાળાઓને કારણદર્શક નોટીસ કાઢવામાં આવેલ જે ધોરણસર બજી જતા સામાવાળા નં.૧ તરફથી આ ફોરમ સમક્ષ ઉપસ્થિત થઈ આંક—૧૩ થી જવાબ વાંધા રજુ કરેલ છે. જેમાં અરજદારની અરજીની સ્પષ્ટ રીતે કબુલ કર્યા સિવાયની હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે અરજદારની અરજી શુધ્ધ બુધ્ધિના અભાવ વાળી, જુઠી અને ઉપજાવી કાઢેલી હકીકતોવાળી હોય તેમ જ ફરીયાદી ગ્રાહકની વ્યાખ્યામાં આવતા ન હોય અરજી રદ કરવા જણાવે છે. ફરીયાદીએ જે જગ્યાએ વીજ કનકેશનની માગણી કરેલ છે તે સ.નં. ૧૩૬/અ ની ગામ નમુના નં.૭ તથા ૧૨ ની નકલ રજુ કરેલ નથી. અરજદારે સ.નં. ૩૬૫ માં માગેલ ખેતીવાડી વીજ જોડાણ સ.નં.૧૩૬ —અ પૈકીના કુવા માટે સ્થળ ફેર સમેત મંજુર કરવા કરેલ અરજી કંપનીના નિયમ મુજબના જરુરી કાગળો ન હોય સદરહુ કુવાનો કબજો કલેકટરશ્રી એ મામલતદારશ્રી કોડીનારને સંભાળવાનો હુકમ કરેલ હોય તેમ જ સદરહુ કુવાના પાણીનો ગ્રામજનોને પીવાના પાણી

માટે ઉપયોગ કરવા દબાણદાર સહીત અન્યને સિંચાઈ માટે ઉપયોગ કરવા હુકમ કરેલ હોય આ કામમાં કલેકટરશ્રીની સંમતિ વગર સદર વીજ કનેકશન સરકારશ્રીની માલીકીની જમીન અને કુવામાં સ્થળ ફેર થઈ શકે નહી.જેથી અરજદારની માગણી કાયદેસર રીતે નામંજુર કરવામાં આવેલ હોય તેમાં સામાવાળાની કોઈ સેવા ખામી પ્રસ્થાપિત થતી ન હોય અરજી રદ કરવા ભારપુર્વક જણાવે છે.

૩. પક્ષકારોના પ્લીડીંગના આધારે હાલની અરજીના ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

મુદાઓ : –

(૧) શું અરજદાર/ફરીયાદી એવું સાબીત અને પ્રસ્થાપિત કરે છે કે તેઓ સામાવાળાના ગ્રાહક છે અને તેમની માગણી મુજબ તેમની પોતાની સર્વે નં. ૩૬૫ માં માગેલ ખેતીવાડી વીજ જોડાણને સ.નં. ૧૩૬/અ પૈકી ના કુવા ઉપર સ્થળ ફેર કરી આપવાની માગણી નામંજુર કરી સામાવાળાઓએ જરુરી સેવા આપવામાં ખામી અને ક્ષતિ કરેલ છે?

(૨) શું અરજદાર/ફરીયાદી તેની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ કરવો ?

૪. ઉપરોકત મુદાઓ પરના અમારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) છેવટના હુકમ મુજબ

માટે ઉપયોગ કરવા દબાણદાર સહીત અન્યને સિંચાઈ માટે ઉપયોગ કરવા હુકમ કરેલ હોય આ કામમાં કલેકટરશ્રીની સંમતિ વગર સદર વીજ કનેકશન સરકારશ્રીની માલીકીની જમીન અને કુવામાં સ્થળ ફેર થઈ શકે નહી.જેથી અરજદારની માગણી કાયદેસર રીતે નામંજુર કરવામાં આવેલ હોય તેમાં સામાવાળાની કોઈ સેવા ખામી પ્રસ્થાપિત થતી ન હોય અરજી રદ કરવા ભારપુર્વક જણાવે છે.

૩. પક્ષકારોના પ્લીડીંગના આધારે હાલની અરજીના ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

મુદાઓ : –

(૧) શું અરજદાર/ફરીયાદી એવું સાબીત અને પ્રસ્થાપિત કરે છે કે તેઓ સામાવાળાના ગ્રાહક છે અને તેમની માગણી મુજબ તેમની પોતાની સર્વે નં. ૩૬૫ માં માગેલ ખેતીવાડી વીજ જોડાણને સ.નં. ૧૩૬/અ પૈકી ના કુવા ઉપર સ્થળ ફેર કરી આપવાની માગણી નામંજુર કરી સામાવાળાઓએ જરુરી સેવા આપવામાં ખામી અને ક્ષતિ કરેલ છે?

(૨) શું અરજદાર/ફરીયાદી તેની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ કરવો ?

૪. ઉપરોકત મુદાઓ પરના અમારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) છેવટના હુકમ મુજબ

## કારણો

૫. આ કામે અરજદાર તરફે તેમના વિ.વકીલશ્રી રાવલ તેમની આંક–૪૫ ની લેખીત દલીલ અન્વયે મુખ્યત્વે રજુઆત એવી છે કે આ કામના અરજદારે પ્રથમ સ.નં. ૩૬૫ માં અરજદારના નામે સામાવાળા પાસેથી ખેતી સિંચાઈ માટે વીજ કનેકશન મળવા ચાર્જની રકમ રૂા.૨૦૦/– તા. ૧૨–૧૦–૨૦૦૨ થી પા.નં. ૩૪૧૩૮૫ થી ભરપાઈ કરી માંગણી કરેલ. તે બાદ અરજદારે ગ્રામ પંચાયતને એક અરજી આપી સ.નં.૧૩૬/અ પૈકી ૧ માંથી જે અરજદાર મશીન વડે કુવામાંથી પાણી સિંચાઈ માટે મેળવતા હતા તેના બદલે વીજ કનેકશન મેળવી પાણી મેળવવા મંજુરી આપવા માગણી કરેલ. સદરહુ માગણી સંબંધે ગ્રામ પંચાયતે તા.૧૨–૨–૧૪ ના ઠરાવથી વીજ કનેકશન આપવામાં આવે તો વાંધો હરકત નથી તેવો ઠરાવ કરેલ.તે બાદ અરજદારે સામાવાળા નં.૧ ને સ.ં.૩૬૫ માં માગેલ વીજ જોડાણ સ.નં.૧૩૬/અ પૈકીના કુવા માટે સ્થળ ફેર સમેત મંજુર કરવા અરજી આપેલ. જે સંબંધે કુવાની માલીકી પ્રત્યક્ષ રીતે અરજદારની નહી હોવાથી તે જગ્યાએ તેઓના નામે વીજ જોડાણ મળી શકે નહી તેવો મનસ્વી હુકમ ફરમાવી સામાવાળાઓએ સ્પષ્ટ રીતે તેની સેવામાં ખામી દર્શાવેલ હોય હાલની ફરીયાદ અરજી મંજુર કરી માગ્યા મુજબની દાદ મંજુર કરવા ભારપુર્વક જણાવે છે.

૬. અરજદારના વિ.વકીલશ્રીની દલીલના જવાબમાં સામાવાળા તરફે તેમના વિ.વકીલશ્રી કથીરીયા તરફથી તેની આંક–૪૬ની લેખીત દલીલ અન્વયે મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે અરજદારે પ્રથમ સ.નં.૩૬૫ ની જમીનમાં વીજ કનેકશન મેળવવા માટે અરજી કરેલ. ત્યારબાદ મજકુર અરજદારે સદરહુ વીજ કનેકશન

સરકારશ્રીની માલીકીના સ.નં.૧૩૬/અ પૈકી ૧ માં આવેલ કુવામાં ટ્રાન્સફર કરી આપવા અરજી કરેલ. જે સ.નં. માં વીજ કનેકશન ટ્રાન્સફર કરવા અરજી કરેલ તે સર્વે નંબર સરકારશ્રીની માલીકીનો હોય અને તે જમીનમાં કુવો આવેલ હોય ફરીયાદીની ટ્રાન્સફર અરજી સામાવાળા કંપનીના નિયમોનુસાર નામંજુર કરવામાં આવેલ છે. વધુમાં આ કામે ફરીયાદીએ આંક–૫ થી કરેલ વચગાળાના મનાઈ હુકમની અરજી અન્વયે નામદાર ફોરમ કોર્ટે તા. ૩૦–૫–૧૭ ના રોજ હુકમ કરી અરજદારની અરજી મંજુર કરેલ અને ફરીયાદીનું વીજ જોડાણ દિન–૧૫ માં ટ્રાન્સફર કરી આપવાનો વચગાળાનો હુકમ ફરમાવવામાં આવેલ. જે હુકમ સામે સામાવાળા તરફથી નામદાર રાજય કમિશન સમક્ષ સીવીલ રીવીઝન એપ્લીકેશન નં. ૧૫/૧૭ દાખલ કરવામા આવેલ. જે અપીલ નામદાર કમિશને મંજુર કરી નામદાર ફોરમ કોર્ટનો હુકમ સેટે સાઈડ કરેલ છે. ખરી હકીકતે અરજદારના પિતાશ્રીએ સરકારશ્રીની માલીકીની સ.નં.૧૩૬/અ પૈકી–૧ માં પેશકદમી કરી કુવો બનાવેલ. જે નિયમિત કરવા કલેકટરશ્રી જુનાગઢને અરજી કરતા તે નામંજુર કરેલ તેની સામે અરજદારના પિતાશ્રીએ અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગમાં અપીલ કરતા તે પણ નામંજુર કરવામાં આવેલ છે અને કલેકટરશ્રીનો હુકમ કાયમ કરવામાં આવેલ છે. અરજદારે પ્રથમ સ.નં.૩૬૫ ની જમીનમાં વીજ કનેકશન મેળવવા માટે અરજી કરેલ. જે વીજ કનેકશન મંજુર થતા અરજદારે સદરહુ વીજ કનેકશન સરકારશ્રીની માલીકીના સ.નં.૧૩૬/અ પૈકી ૧ માં આવેલ કુવામાં ટ્રાન્સફર કરી આપવા અરજી કરેલ. જે સ.નં. માં વીજ કનેકશન ટ્રાન્સફર કરવા અરજી કરેલ તે સર્વે નંબર સરકારશ્રીની માલીકીનો હોય અને તે જમીનમાં કુવો આવેલ હોય ફરીયાદીની ટ્રાન્સફર

અરજી સામાવાળા કંપનીના નિયમોનુસાર નામંજુર કરવામાં આવેલ હોય અરજદારની અરજી ખર્ચ સહીત રદ કરવા ભારપુર્વક જણાવે છે.

૭. આ કામે અરજદાર/ફરીયાદી તરફે તેમના વિ.વકીલશ્રીની રજઆત મુજબની તમામ હકીકત અને અરજદાર/ફરીયાદીની આંક–૧ ની ફરીયાદ અરજીની રજુઆતની હકીકતો તથા ફરીયાદી તરફે રજુ કરેલ દસ્તાવેજો જોતા આ કામે એટલુ સ્પષ્ટ બને છે કે સૌ પ્રથમ અરજદાર/ફરીયાદીએ પોતાના સ.નં.૩૬૫ માં એક ખેતીવાડી વીજ કનેકશન ની માગણી સામાવાળા પાસે કરેલ હતી. સદર સ.નં.૩૬૫ ના કુવા ઉપરની અરજદાર/ફરીયાદીની માગણી અંગે પક્ષકારો વચ્ચે કોઈ તકરાર નથી. સમગ્ર રેકર્ડ ઉપરની હકીકતો ઉપરથી એવુ પણ સ્પષ્ટ થાય છે કે અરજદાર/ફરીયાદીની માગણી મુજબ સ.નં.૩૬૫ માં ફરીયાદી દવારા માગણી કરવામાં આવેલ વીજ જોડાણ આપવાની કાર્યવાહી બાકી હતી તે દરમ્યાન જ અરજદાર/ફરીયાદીએ સ.નં.૩૬૫ માં તેમણે માગેલ ખેતીવાડી વીજ જોડાણને સ.નં. ૧૩૬/અ પૈકીમાં આવેલ કુવા ઉપર ટ્રાન્સફર એટલે કે સ્થળફેર સાથે મંજુર કરી આપવાની માગણી કરવામાં આવેલ. અરજદાર/ફરીયાદીનું એવુ કહેવુ છે કે સ.નં.૧૩૬/અ પૈકીના કુવામાંથી તેમને સિંચાઈ માટે પાણી લેવાનો હકક છે અને તે અગાઉથી મશીન દવારા તેમાથી પાણી લઈને સિંચાઈ કરતા હતા. પક્ષકારો વચ્ચે એ બાબતે કોઈ તકરાર નથી કે સ.નં.૧૩૬/અ પૈકી ની જમીન સરકારી જમીન છે અને તેઓ પ્રત્યક્ષ કબજો ગ્રામ પંચાયતને આપવામાં આવેલ છે. આ રીતે એ હકીકત નિર્વિવાદ છે કે સ.નં.૧૩૬/અ પૈકીની જમીનમાં આવેલ કુવો અરજદાર/ફરીયાદીની માલીકીનો નથી તેમ જ તેના પ્રત્યક્ષ કબજામાં પણ નથી. સદર કુવામાંથી અરજદાર/ફરીયાદીને સિંચાઈ માટે પાણી લેવાનો

હકક/અધિકાર હોવા બાબતે પણ પક્ષકારો વચ્ચે કોઈ તકરાર નથી પરંતુ નોંધપાત્ર છે કે સ.નં.૧૩૬/અ પૈકીના કુવામાંથી સિંચાઈ માટે પાણી લેવાનો હકક સ્પષ્ટ રીતે અરજદાર/ફરીયાદીને ગ્રાહક તરીકેનો અધિકાર બક્ષતો નથી કે આપતો નથીલ તેવો અરજદાર/ફરીયાદીનો અધિકાર સ્પષ્ટ રીતે અન્ય  કાયદા તળેનો અધિકાર જેમ કે દિવાની અધિકાર કહી શકાય તેવા પ્રકારનો ગણી શકાય. નોંધપાત્ર છે કે આ સ.નં.૧૩૬/અ પૈકીના કુવામાંથી સિંચાઈ માટે પાણી લેવાના અરજદાર/ફરીયાદીના હકકનો કોઈ ઈન્કાર કોઈ પક્ષકાર કરતા નથી પરંતુ આ કુવો સ્પષ્ટ રીતે સ.નં.૧૩૬/અ  પૈકીની સરકારી જમીનમાં આવેલ છે અને સરકારી કુવો છે અને તેનો પ્રત્યક્ષ કબજો પણ જે તે ગ્રામ પંચાયત પાસે  છે.

૮.        અગાઉ ઉપર કરેલ વિસ્તૃત ચર્ચા મુજબ, સમગ્ર રેકર્ડ ઉપરના તમામ પુરાવાકીય હકીકતો  અને તેના સમગ્ર ગુણદોષ એવુ સ્પષ્ટ દર્શાવે છે  અને પ્રસ્થાપિત કરે છે કે અરજાદર/ફરીયાદીએ સૌ પ્રથમ પોતાની માલીકીના સ.નં.૩૬૫ ની જમીનમાં આવેલ પોતાના કુવા ઉપર ખેતીવાડી વીજ કનેકશન મળવાની માગણી કરેલ અને તે માગણી મુજબનું ખેતીવાડી વીજ કનેકશન અરજદાર/ફરીયાદીને હજી સામાવાળા તરફથી આપવામાં આવેલ નથી. આ રીતે ખેતીવાડી વીજ કનેકશનની બાબતને સંબંધ છે ત્યાં સુધી એવુ સ્પષ્ટ જણાઈ આવે છે કે આટલા પુરતા અરજદાર/ફરીયાદી  અને સામાવાળા વચ્ચે ગ્રાહક અને સેવા પુરી પાડનાર તરીકેના સંબંધો પ્રસ્થાપિત થયેલ નથી અને બીજા શબ્દોમાં એવુ સ્પષ્ટ કહી શકાય કે હજી સુધી અરજદાર/ફરીયાદી સામાવાળાના ગ્રાહક બનેલ નથી. અરજદાર/ફરીયાદીએ તો આ કામે પોતાની માલીકીની સ.નં.૩૬૫ ની જમીનમાં આવેલ કુવા ઉપર જે ખેતીવાડી વીજ કનેકશન

માગેલક્ષ તે પુરુ પાડવામાં આવે તે પહેલા જ તેમણે પોતાની માગણી મુજબનું ખેતીવાડી વીજ કનેકશનને સ્થળફેર કરી આપવા અને સ્થળફેરની માગણી મુજબ તે વીજ કનકેશન ને સ.નં.૧૩૬/અ પૈકીની સરકારી જમીનમાં આવેલ સરકારી કુવા ઉપર મળવા સામાવાળા પાસે અરજદારે માગણી કરેલ હતી. જે માગણી ખેતીવાડી માટેના વીજ જોડાણ આપવા અંગેના સંબંધિત નિયમો અને જોગવાઈઓ ધ્યાનમાં લઈ સામાવાળા દવારા નામંજુર કરવામાં આવેલ હોવાનું સમગ્ર રેકર્ડ ઉપરની તમામ હકીકત સ્પષ્ટ દર્શાવે છે અને આવો ઈન્કાર કરીને સામાવાળાઓએ ગ્રાહક તરીકેની ફરીયાદીને મળવાપાત્ર સેવામાં કોઈ ખામી કે ક્ષતિ કરેલ હોય તેવુ કોઈપણ રીતે જણાઈ આવતુ નથી. તદુપરાંત આ બાબત સાથે સંબંધીત બીજી જરુરી ચર્ચા કરીએ તો અગાઉ લખ્યા પ્રમાણે સ.નં.૧૩૬-અ પૈકીની જમીનમાં આવેલ સરકારશ્રીની માલીકીના કુવામાંથી સિંચાઈ માટે પાણી લેવાના અરજદાર/ફરીયાદીના હકક/અધિકારનો સામાવાળા ઈન્કાર કરતા નથી કે સામાવાળા તેનો વિરોધ કરતા નથી. અગાઉ કરેલ ચર્ચા મુજબ તે અરજદાર/ફરીયાદીનો હકક સ્પષ્ટ રીતે અન્ય સંબંધીત કાયદા તળેનો હકક/અધિકાર છે તેવા ફરીયાદીના હકક/અધિકારને ગ્રાહક તરીકેના હકક/અધિકાર ગણી શકાય નહી તેવા અન્ય સંબંધીત કાયદા મુજબના જેમ કે દિવાની કાયદા મુજબના હકક/અધિકારની અમલવારી માટે અરજદાર/ફરીયાદીએ સંબંધિત કાયદા તળે સક્ષમ સતાધિકારી સમક્ષ જે તે કાયદાની જોગવાઈ અન્વયે ધારાધોરણસર અને કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. પરંતુ આવી કોઈ કાર્યવાહી કરવાના બદલે આ કામે અરજદાર/ફરીયાદીએ પોતાની તેવી માગણી નામંજુર કરવાના સામાવાળાના નિર્ણયને સામાવાળા દવારા સેવા પુરી પાડવામાં ક્ષતિ કે ખામી થતી હોવાનું દર્શાવી

હાલની ફરીયાદ અરજી આ ફોરમ સમક્ષ કરેલ છે. અગાઉ કરવામાં આવેલ વિસ્તૃત અને લંબાણપૂર્વકની ચર્ચા મુજબની તમામ હકીકત પ્રમાણે આ કામે હજી સુધી અરજદાર/ફરીયાદીનો ગ્રાહક તરીકેની વ્યાખ્યામાં સમાવેશ થતો જ ન હોય આંક–૧ ની ફરીયાદ અરજી મુજબની અરજદાર/ફરીયાદીની માગણી પુરી પાડવાનો કે ગ્રાહય રાખવાનો ઈન્કાર કરીને સામાવાળાઓએ સેવા પુરી પાડવામાં કોઈ ક્ષતિ કે ખામી દર્શાવેલ હોવાનું આ કામે કોઈ રીતે માની શકાય તેમ નથી અને તેવી ફરીયાદીની રજુઆત આ કામે પ્રસ્થાપિત કે પુરવાર થતી નથી.

૯. અરજદારના વિ.વકીલશ્રી રાવલ તરફથી આ કામે તેમની દલીલના સમર્થનમાં નામદાર નેશનલ કમિશનનો ૨૦૦૨ એનસીજે ૮૮ (એનસી) ઉપરનો જયપુર વિદ્યુત વિટેરન નિગમ લી. વિરુધ્ધ રામ ખીલાડી નો ચુકાદો રજુ કરેલ છે. સદરહુ ચુકાદામાં ઈલેકટ્રીક કનેકશન શીફટ કરવામાં થયેલ વિલંબ અંગે કોમ્પેન્સેશન આપવા અંગેની બાબત હોય જેથી સદર ચુકાદાની હકીકત હાલના કેસની હકીકતથી તદન ભિન્ન પ્રકારની હોય સદર ચુકાદાની હકીકતો આ તબકકે લાગુ પાડી શકાય તેમ નથી.

૧૦. ઉપરોકત તમામ સંજોગો લક્ષમાં લેતા સામાવાળાએ તેની સેવામાં ખામી દર્શાવેલ હોવાનું પુરવાર કરવામાં અરજદાર સદંતર નિષ્ફળ નિવડતા હોય મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

૧૧. ઉપરોકત મુદા નં.૧ ની તમામ ચર્ચાની વિગતે આ કામના સામાવાળા દવારા તેમની સેવામાં ખામી દર્શાવેલ હોવાનું આ ફોરમ

સમક્ષ રેકર્ડ ઉપર પુરવાર કરવામાં અરજદાર સદંતર નિષ્ફળ નિવડતા હોય અરજદાર સામાવાળા પાસેથી કોઈ પ્રકારની દાદ મેળવવા હકકદાર ઠરતા ન હોય મુદા નં.ર નો જવાબ પણ નકારમાં ઠરાવી મુદા નં. ૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

— : **આખરી હુકમ** : —

ફરીયાદી શ્રી ગોહિલ રામભાઈ કરશનભાઈની હાલની ફરીયાદ અરજી ફોરમ કેસ નં. ૧૯/૨૦૧૭ આથી રદકરવામાં આવે છે. ખર્ચ સબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આજ તા.૦૮–૦૧–૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

( હિતેન જી.ભટ્ટ )
પ્રમુખ જજ
જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
જૂનાગઢ

( એ.એ.યોગી ) સભ્ય

( એલ.એમ.જેઠવા) સભ્ય

જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
જૂનાગઢ